ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૧-૨૦૧૨, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### શંકરસિંહ વાઘેલા : સામા પૂરના તરવૈયા

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા પદે વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાની વરણી થતાં દેખીતી રીતે જ કોંગ્રેસના હતાશ નેતાઓનાં હૈયે હામ જાગે તે સ્વાભાવિક છે. રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓની તૈયારીમાં પરોવાયેલી છે. કોંગ્રેસનું સુકાન હવે યુવાન ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી હસ્તક આવ્યું છે. એમનાં મનનીય ભાષણમાં જણાવ્યાં મુજબ રાહુલ ગાંધીએ દરેક પ્રદેશમાં મુખ્યમંત્રીપદે શોભે એવા ચાર-પાંચ 'નેતાઓ' અને રાષ્ટ્રીય સ્તરે ચાર-પાંચ વડાપ્રધાન કક્ષાના નેતાઓ તૈયાર કરવાની નેમ સાથે કોંગ્રેસનું સુકાન સંભાળ્યું છે. કહેવાની જરૂર નથી કે ગુજરાતમાં કોંગ્રેસ પાસે આવા ઉચ્ચ સ્તરના નેતાઓને પલોટવાની વિશેષ જરૂર છે. શંકરસિંહ વાઘેલા વર્તમાન સંજોગોમાં ગુજરાત કોંગ્રેસના નંબર વન નેતા છે, એ હકીકત મને-કમને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પણ સ્વીકારવી પડી છે. શંકરસિંહ વાઘેલા પ્રત્યે કોંગ્રેસનું એક જૂથ શરૂથી સુગાળવી નજરે જોતું રહ્યું છે. એ 'મૂળ કોંગ્રેસ'નું ગાણું ગાતા જૂથ પાસે ચૂંટણી જીતવા કે જિતાડવાની કેટલી તાકાત છે, એનું વારંવાર પારખું થતું રહ્યું છે અને છેલ્લી ચૂંટણીમાં એનો દયાજનક ફિયાસ્કો થતાં હાઈકમાંડ એની શૅહમાં આવવા તૈયાર નથી. ખુદ રાહુલ ગાંધીએ અન્ય પક્ષોમાંથી આવેલા નેતાઓથી અંતર રાખવાની વાત કરી હોવા છતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષનું સુકાન શંકરસિંહ વાઘેલાને સોંપવાન નિર્ણય કરવો પડ્યો છે તે શું સૂચક નથી? શંકરસિંહ વાઘેલાનું મૂળ ગોત્ર જનસંઘ છે; રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની ચડ્ડી પહેરીને એમણે જાહેર જીવનમાં પદાર્પણ કર્યું હતું, એ પણ કબૂલ. પરંતુ સંજોગો સામે લડાયક ઝનૂનનો અને રાજકીય સોગઠાબાજીનો પરિચય આપી એમણે ભારે બહુમતી ધરાવતી કેશુભાઈ પટેલની ભાજપ સરકારને ભોંયભેગી કરી સત્તા હસ્તગત કરી હતી ત્યારે જ એમના ખરા ખડતલપણાનો પરચો મળી ગયો હતો. સત્તા પર આવતાંની સાથે એમણે પ્રજાલક્ષી અભિગમ અપનાવી વર્ષોથી પડતર પડી રહેલી નવા જિલ્લાઓ તાલુકાઓની રચના કરી હતી. છતાં પ્રજાએ એમને 'ખજૂરિયા'નું કલંક લગાડી જાકારો આપ્યો ત્યારે પણ તે મેદાન છોડીને ભાગ્યા નહોતા. રાજપાનું કોંગ્રેસમાં વિલીનીકરણ કરવાનો એમનો નિર્ણય ખુદ એમના વફાદાર સાથીઓને ગમ્યો નહોતો. પરંતુ એ સિવાય આ ભડવીર પાસે બીજો વિકલ્પ પણ કયાં બચ્યો હતો? કોંગ્રેસમાં જઈને સામા પૂરે તરવાનું છે, એની શંકરસિંહ વાઘેલાને પાકી ખાતરી હતી. એમને પક્ષને ચૂંટણી જિતાડી શકે એવી 'શક્તિ સેના' બનાવી તેની સામે ખુદ કોંગ્રેસમાં જ ઊહાપોહ થયો હતો. પક્ષનાં પ્રદેશ પ્રમુખ તરીકે એમને છૂટો દોર અપાયો હોત તો ગુજરાત કોંગ્રેસ આજની અવદશા ન જ પામી હોત. સત્ય ઘણું કડવું હોય છે અને કયારેક એ સમજાતાં ઘણો વખત નીકળી જતો હોય છે. માધવસિંહ સોલંકી પછી કોંગ્રેસને એક સક્ષમ સૂત્રધાર સાંપડયો છે - ભલે એનું મૂત્ર ગોત્ર કોંગ્રેસનું ન હોય. મૂળ ભારતીય નહીં હોવા છતાં સોનિયાં કોંગ્રેસનાં રાષ્ટ્રીય નેતા તરીકે કાઠું કાઢી શકતાં હોય તો કોંગ્રેસમાં આવી એની રીતરસમ સાથે તદ્રૂપ બની ગયેલા 'બાપુ' સામે શું કામ શંકા કરવી જોઈએ? શંકર નામધારી આ લડાયક નેતાને 'શિવાસ્તે સન્તુ પન્થાનઃ' કહી આવકારીએ.

## સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ દ્વારા 'પ્રાથમિક ચિકિત્સા માર્ગદર્શન' સેમિનાર યોજાયો



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સેકટર-૧૨માં આવેલ સી.એમ. પટેલ નર્સિંગ કૉલેજ દ્વારા 'પ્રાથમિક ચિકિત્સા માર્ગદર્શન' સેમિનાર સવારે ૧૧.૦૦ કલાકે કોલેજ હોલમાં યોજાઈ ગયો.

સી.એમ. પટેલ નર્સિંગ કૉલેજના વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ એ સ્કીટ તથા પાવર પ્રેઝન સ્ટેશન દ્વારા રોડ અકસ્માત, દાઝવાથી, ખેંચ આવવી, ઝેર પીવું, ડૂબવું, વગેરે જેવી વિકટ પરિસ્થિતિઓમાં દર્દીને પ્રાથમિક સારવાર કેવી રીતે આપવી તેની માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એસ.જી. પ્રાયમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પીટીસી કૉલેજ તથા ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કૉલેજના શિક્ષકો, પ્રાધ્યાપકો સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે નર્સીંગ કોલેજના પ્રિન્સીપાલ રવિના ક્રિશ્ચયન તથા કૅમ્પસ ડાયરેકટર આર. જે. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. ફાલ્ગુની મોદી, પ્રા. આશા પટેલ, પ્રા. પ્રેક્ષા પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : મિતેષ મોદી)

## સેક્ટર-૧૧માં રામકથા મેદાનમાં પ્રજાસત્તાક દિનની પરેડ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વ -જાસત્તાક દિન- ૨૬ જાન્યુઆરી-૨૦૧૩ની જિલ્લા કક્ષાની ઉજવણી રાષ્ટ્રભક્તિસભર વાતાવરણમાં શાલીન કોમ્પ્લેક્ષની સામેના મેદાનમાં ચ-૩ નજીક, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે થનાર છે. આ -સંગે શિક્ષણ ( -ાથમિક, માધ્યમિક, -ૈઢ), કાયદો અને ન્યાયતંત્ર, અન્ન નાગરિક પુરવઠો, ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રાષ્ટ્રીયધ્વજ લહેરાવી સલામી આપશે.જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા જનજાગૃતિ લાવે તેવા અને સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતાં ટેબ્લોઝ રજૂ કરવામાં આવશે. તેમજ જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

-જાસત્તાક દિનની ઉજવણી -સંગે જિલ્લાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આરોગ્ય, શિક્ષણ, પંચાયત, વાસ્મો-પાણીપુરવઠા, કૃષિ-બાગાયત, સમાજકલ્યાણ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સંકલિત બાળ વિકાસ યોજના, પોલીસ,ફાયર બ્રિગેડ, સહિત જિલ્લાની અનેક કચેરીઓ દ્વારા આકર્ષક ટેબ્લોઝ રજૂ કરવામાં આવશે.જિલ્લાની વિવિધ શાળાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

આ -સંગે મંત્રીશ્રી દ્વારા પરેડનું નિરીક્ષણ કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માન. મંત્રીશ્રીના હસ્તે સ્વાતંત્ર્ય સેનાની અને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ -દાનકર્તાઓનું સન્માન પણ કરાનાર છે. આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને -જાસત્તાક દિનની ઉજવણી સંદર્ભે બેઠક યોજવામાં આવી હતી. શ્રી પી.સ્વરૂપે સંબંધિત વિભાગના અધિકારીઓને ઉજવણીના સુવ્યવસ્થિત આયોજન અંગેની સૂચનાઓ આપી હતી.

## ગુજરાત યુનિવર્સિટીની ફેકલ્ટી બેઠક પાછી ઠેલાઈ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બુધવારે બોલાવવામાં આવેલ ફેકલ્ટની બેઠક પાછી ઠેલવવામાં આવી છે. આજે યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલ સહીતના અધિકારીઓ ઉપસ્થિત ન હોવાના કારણે તેમજ પાંચ સભ્યોને જાણ મોડી થઈ હોવાના કારણે બેઠકમાં ઉપસ્થિત રહેવાની અસમર્થતા દાખવતા એ બેઠક પાઠી ઠેલવવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાની માહીતી મળી રહે છે.

હવે આ બેઠક આવતા સપ્તાહમાં યોજવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા બુધવારે ફેકલ્ટી બોર્ડની બેઠક બોલાવી હતી અને માટે મંગળવારે તમામ સભ્યોને બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે જાણ કરવામાં આવી હતી. જો કે મંગળવારે મોડી રાત્રે સેનેટ હોલની જગ્યાએ અન્ય સ્થળે બેઠક હોવાની જાણ કર્યા બાદ બુધવારે સવારે અચાનક બેઠક પાછી ઠેલવાનો નિર્ણય લેવાયો હતો.

આ માટે યુનિવર્સિટી ના કુલપતિ સહીતના પદાધિકારીઓ શહેરમાં ઉપસ્થિત ન હોવાના તેમજ પાંચ સભ્યોને બેઠક અંગે જાણ મોડી થઈ હોવાથી ઉપસ્થિત હોવાની અસમર્થતા દર્શાવતા બેઠક રદ કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. પરંતુ યુનિવર્સિટીના આંતરીક સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આ બેઠકના જુદી જુદી ફેકલ્ટીના સભ્યોની વરણી કરણી નવા બોર્ડની રચના કરવામાં આવનાર હતી.

## શિવરંજની દ્વારા ભક્તિ સભર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

ભક્તિરસએ આપના જીવન શૈલીના પાયાના સંસ્કાર તરીકે અપવાવેલ છે. તેથી જ પ્રાચીન પરંપરાથી લઈને અર્વાચીન સમયમાં પણ ભક્તિરસનું ચલણ રહ્યું છે.

શિવરંજની સંસ્થાના ઉપક્રમે અમિત ઠક્કર અને તેમની ટીમ દિપ્તી દેસાઈ, હસમુખ પાટડિયા, પ્રહર વોરા અને તેજસ મજમુદાર ભક્તિરસમાં તરબોળશ કરશે. તા. ૨૬ જાન્યુઆરીના રોજ ટાઉન હોલમાં યોજાશે. શિવરંજની સંસ્થાના સભ્યો માટે કાર્યક્રમ યોજેલ છે. શિવરંજનીના પ્રમુખ વાગ્મીન બુચે જણાવેલ છે.

## પ્રેરણા વિદ્યાલયમાં આગ અકસ્માત અંગેનું માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સેકટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલય ખાતે ફાયર સ્ટેશનના ચીફ ઓફિસર મહેશભાઈ મોઢના નેતૃત્વ હેઠળ ફાયર એન્ડ ઈલીકયુશન ડીલનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવ સર્જિત તેમજ કુદરતી આપતિમાં સ્વ-બચાવના પગલાં અને આગના ઉદ્ભવ સ્થાનો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફાયર બ્રીગ્રેડના ૧૦૧ નંબર ૧૦૮ નંબર અંગે જાણકારી આપવામાં આવી હતી. ધરતીકંપ, પુર જેવી હોનારતોમાં સ્વ બચાવની માહિતી આપી હતી. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, આચાર્યા સ્વાતિબા રાઓલે આવી પ્રવૃત્તિના આયોજન આવકારી હતી. તથા ફાયર બ્રીગ્રેડની સામગ્ર ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

## શહીદ દિને ગાંધી સ્વાતંત્ર્યગીતો ટાઉન હોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા ગાંધી નિર્વાણ દિન તથા શહીદ સ્મૃતિ દિન નિમિત્તે ૩૦ જાન્યુઆરીના સવારે ૯.૪૫ ખી ૧૨.૦૦ વાગ્યા સુધી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત સ્વાતંત્ર્ય ગીતોનો કાર્યક્રમ યોજેલ છે. કાર્યક્રમ દરમિયાન સવારે ૧૧.૦૦ કલાકે બે મીનીટ મૌન દ્વારા મૌનાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. લોક સાહિત્યકાર- લોક ગાયક અભેસિંહ રાઠોડ તથા ગાયિકા મીના પટેલ દ્વારા કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. ટાઉનહોલ ગાંધઈનગરમાં કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા લોકોએ ડૉ. પ્રદિપ અઝાદ ગુજરાતરાજ્ય સંગીત નાટક અકાદમીએ જણાવેલ છે.

## મનપાના કોર્પોરેટર પરાગીબેન પંડ્યા ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં વિજેતા



ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર શ્રીમતી પરાગીબેન પંડ્યા ખેલ મહાકુંભમાં ૪૫ થી ૬૦ વર્ષની ઉંમરના ગૃપમાં ચેસની સ્પર્ધામાં વિજેતા બન્યા છે. મહાનગર પાલિકાના પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## "ઉત્તરાયણ ગઇ ને કમૂર્તા ઉતર્યાં નથી કે એક સામટા 'કે દા'ડાનું પૈણું પૈણું કરતા ને પૈણાવું પૈણાવું' કરનારાઓની એક સામટી સીઝન ખુલી જાય છે... જુઓ આ કંકોતરાં... ચાલ્લાંની નોટીસો !!"

### એક જ દિવસે એકથી વધુ લગ્ન હોય તો 'ડીશ'ને ન્યાય આપી શકાય નહીં ને ચાંલ્લા તો કરવા જ પડે એટલે ખોટનો જ ધંધો ને!!

'લાલાકાકા, ઘરમાં છો કે નહીં?'

રોજ સવારે 'પનુભાઇ, ઘરમાં છો કે નહીં યાર?'ની બૂમ પાડતાં, અમારી 'મફતિયા' ચા પીવા અને છાપું વાંચવા પધરામણી કરતાં 'રેડ અંકલ' આવી ચઢે તે પહેલાં જ આજે અમારે એમના ઘરના રસ્તે જવાનું થતાં, અમે જ એમના નામનો પોકાર કરતાં એમને ત્યાં ટપકી પડ્યાં..'

ઓટલે બેસીને જ, હાથમાં 'પ્લેઇંગ કાર્ડ્ઝ'- ની જેમ કશાકનાં મોટાં મોટાં કાર્ડ્ઝ પકડીને કંઇક ગડમથલ કરી રહેલાં 'રેડ અંકલ' અમારી અણધારી 'એન્ટ્રી'થી ચમકી ઉઠયા.

'આવો, પનુભાઇ...' અમારા આગમનથી આજે અમારે ત્યાં આવવાનો મફતિયા 'ગુડ મોર્નિંગ ટી'નો લ્હાવો ગુમાવવાના દુઃખ સાથે અંકલે અમને પરાણે હસતા મોંએ આવકાર્યા.

'કાકા, આ શો વહીવટ લઇને બેઠા છો, હેં?' અમે એમની બાજુમાં બેસતાં પૂછ્યું.

'વહીવટ નથી, પનુભાઇ, પ્લાનિંગ કરી રહ્યો છું, યાર...'

'પ્લાનિંગ? અંકલ, તમે કંઇ બિઝનેસ - ધંધો શરૂ કર્યો છે, હેં? કહેતાય નથી!'

'ધંધો મેં નહીં, ધંધો લોકોએ - સગાવહાલાં - મિત્રમંડળ - ચિત-પરિચિતોએ માંડ્યો છે લગ્નનો!' ભારે અકળામણ સાથે લાલાકાકાએ હાથમાંના કાર્ડ્ઝ અમારી પાસે ધરી દેતાં કહ્યું : 'જુઓ, આ કંકોતરાં... ચાંલ્લાની નોટિસો...'

હવે અમને અંકલની અકળામણ અને હાથમાંનાં પત્તાંની રમત સમજાઇ...

'પનુભાઇ, વાત જ ના પૂછશો. ઉત્તરાયણ ગઇ ત્યારથી દશા બેઠી છે...'

'હૈં? શું થયું? ઉત્તરાયણમાં આંગળી કપાઇ છે! નાક કે ગરદન પર દોરી ઘસાવાથી ઇજા થઇ છે? ધાબા પરથી ગબડી પડતાં વાગ્યું છે? અમને કશું જણાવ્યું પણ નહીં?'

એમની અકળામણ શેની છે તે સમજવા છતાં અમે અંકલની સ્ટાઇલમાં પ્રશ્નોનો મારો ચલાવ્યો.

'અહોહો... પનુભાઇ, તમે તો બહુ વિચારી લીધું ને ઘણું બધું બોલી નાખ્યું, હોં... મને આમાંનું કશું જ થયું નથી...'

'તો શેની દશા બેઠી છે?'

'પનુભાઇ, ઉત્તરાયણ પત્યે એટલે...'

'વાસી ઉત્તરાયણ ઊજવાય...' અમે રેડ અંકલની વાત વચ્ચેથી જ કાપી નાંખતા કહ્યું એટલે એ લાલપીળા થઇ ગયા ને ગુસ્સામાં પોતાની પૂળા જેવી મૂછો ચાવવા લાગ્યા... પછી એમનું પ્રેશરકૂકર ફાટ્યું : 'તમેય યાર, કંઇ સમજતાં નથીને આડું અવળું ભરડે રાખો છો... ને વાસી ઉત્તરાયણની માંડો છો... મારૂં કહેવું એમ છે કે ઉત્તરાયણ પત્યે કે કમૂર્તા પૂરાં થાય... થાય ને!'

'હાસ્તો...'

'ને કમૂર્તા ઉતર્યાં નથી કે' કે દા'ડાનું પૈણું પૈણું કરતાં ને કે દા'ડાનું પૈણાવું પૈણાવું' કરનારાઓની સામટી સીઝન ખુલી જાય છે... ટ્રાફિક સિગ્નલ પર લીલી લાઇટ થતાં જ હું પહેલો હું પહેલો નીકળું કરતાં બધા વાહનવાળા છૂટે એમ જ!!' અમે વચ્ચે કંઇક ડબકું મૂકીએ તે બીકે લાલાકાકાએ એક શ્વાસે એમનો મુદ્દો રજૂ કરી દીધો : 'સાચું કે નહીં?'

'આ રહ્યા એના પૂરાવા! કહેતાં અંકલે કંકોત્રીઓનો થપ્પો ઉપાડીને પાછો નીચે પછાડ્યો.'

'કાકા, તમારી આ વાત સાવ સાચી છે. અમારેય સગાં-વહાલાં, મિત્રવર્તુળ, ઓફિસ સ્ટાફમાંથી ઘણી બધી લગ્નની નિમંત્રણ પત્રિકાઓ આવી છે...'

'અરે, હજી તો એક લગ્ન પતાવીને પાછા ફરીએ ત્યાં બારણે બીજાં બે લગ્નોની પત્રિકાઓ આવી જ ગઇ હોય છે.' લાલાકાકા ઉવાચ.

'હા... પણ તમે આ બધી કંકોત્રીઓ લઇને સવાર સવારમાં શું કરવા બેઠો છો?' અમે ઇન્કવાયરી કરી...

લાલાકાકા બોલ્યાં : 'હું એનું પ્લાનિંગ કરવા બેઠો છું. એક જ દિવસે કયારેક બે ને કયારેક ત્રણ લગ્નનાં આમંત્રણ હોય છે... તે મગજ ચકરાવે ચઢે છે કે ઇધર જાઉં યા ઉધર જાઉં...'

'અરે, અંકલ' અમે લાલાકાકાની વાતમાં ટાપશી પૂરાવતાં ઉમેર્યું : 'એમાંય પાછું એક લગ્ન અહીં હોય, બીજું અમદાવાદમાં બોપલમાં હોય ને ત્રીજું મણીનગરમાં....' જાયે તો જાયે કહાં... સમજેગા કૌન યહાં દિલ કી દ્વિધા... જાયે તો જાયે કહાં...' જ ગાવું પડે એવો ઘાટ થાય છે, રાઇટ?'

'હા... પનુભાઇ એકદમ રાઇટ... મૂંઝવણનો પાર નહીં...' બોલીને અંકલ પાછા પોતાની પૂળા જેવી મૂછો ચાવવા લાગ્યા...

'અંકલ, એમાં મૂંઝાવાનું શું? જે લગ્ન એટેન્ડ કરી શકાય તે કરવાનાં... ના જવાય ત્યાં...'

'એટલે ખોટનો જ ધંધોને, પનુભાઇ?' અમારી વાત વચ્ચેથી જ કાપી નાખતાં લાલાકાકા બોલી ઊઠ્યા.

અમને સમજાયું નહીં એટલે પ્રશ્ન કર્યો : 'ખોટનો ધંધો?'

'હાસ્તો... ચાંલ્લા તો બધે કરવા જ પડે ને પેટ આપણું એક જ એટલે બધા પ્રસંગમાં 'ડીશ' ને ન્યાય અપાય નહીં એટલે ખોટનો જ ધંધો થયો ને!' ગણતરીબાજ રેડ અંકલે લગ્નમાંય નફા-ખોટનો હિસાબ મૂક્યો.

'ચાલ્યા કરે, અંકલ... આનું નામ જ સામાજિક વહેવાર...'

'વહેવારમાં ને વહેવારમાં આપણે મીડલ કલાસના માણસો વહેરાઇ જઇએ છીએ એનું શું? ના જઇએ તો ખોટાં લાગે, જઇએ તો દોડાદોડી, બસ ભાડાંને રીક્ષાના

**ગુરૂવારની ગપસપ**

\- પ્રકાશ લાલા

ખર્ચા, સ્કૂટર ગાડીનાં પેટ્રોલ અને ચાંલ્લા નો ખર્ચ...' લાલાકાકાએ કટાણું મોં કરીને કહ્યું.

અમે બોલ્યા : 'કાકા, આમાં એક ખર્ચ, ઉમેરવાનો રહી ગયો, હોં?'

'કયો?' લાલાકાકાએ ઉત્સુકતાથી પૂછ્યું.

'અંકલ, 'બુફે'ની ભીડમાં કોઇકની 'ડીશ' અડી જવાથી મોંઘા - લગ્નપ્રસંગમાં પહેરવાનાં કપડાં ઉપર પડી જતી 'મસાલેદાર ડિઝાઇન' ધોવડાવવાનો ખર્ચ...'

'હા, હોં... પનુભાઇ...' રેડ અંકલે ચલાવ્યું : 'ઘણીવાર સીઝનમાં ધારી જગ્યા ન મળતાં લગ્નવાળાને જે મળી તે વાડી, હોલ કે પ્લોટથી ચલાવી લેવું પડે છે... એમાં 'મંદિર નાનું ને ભગતડાં ઝાઝાં' જેવો ઘાટ થઇ જાય છે ત્યારે પછી 'બુફે' કાઉન્ટર પર જોવા જેવી થતી હોય છે એમાં તમે કહ્યું એમ ઘણાં શહીદ થતા હોય છે...'

'યસ'

'ને, પનુભાઇ રીસેપ્શનમાં ઘણે ઠેકાણે મહેમાનો હડકેઠઠ પધારી ગયા હોય પણ 'નવદંપતિ' હજી પધરામણી જ ન થઇ હોય એવા સંજોગોમાં પછી જમવામાં જે પડાપડી થાય છે તે તો તોબા...'તમે લઇ ગયા ને અમે રહી ગયા...' ની જેમ કાઉન્ટર પર લાઇનો લાગી જાય અને 'પછી મળ્યું કે મળશે'ને 'પાછું આટલી ભીડમાં કોણ આવે' એ ગણતરીએ 'ડીશ'માં આઇટેમ્સનો પહાડ ખડકાય ને પછી ન ભાવતી ને પેટમાં જગ્યાના અભાવે પડી રહેતી એ ખાદ્યસામગ્રી એંઠવાડમાં જ જતી હોય છે... એ જોઇને તો ભારે દુઃખ થાય, હોં...' લાલાકાકાએ 'બુફે' પદ્ધતિમાં થતા બગાડ અંગે બળાપો વ્યક્ત કર્યો.

'અંકલ, એમાં 'બુફે' પદ્ધતિનો દોષ નથી, આપણી સ્વયં શિસ્તના અભાવનો વાંક છે...' અમે સમજાવવા પ્રયત્ન કર્યો તો અંકલે ઉછલી પડતાં કહ્યું : 'શું ધૂળ ને ઢેફાં સ્વયંશિસ્ત... મૂળ 'બૂફે' પદ્ધતિમાં લિમિટેડ, કોરી કોરી આઇટેમ્સ હોય ને લિમિટેડ જમનારા હોય... જયારે આપણે ત્યાં તો દેખાદેખીને ધન-પ્રતિષ્ઠાના પ્રદર્શન માટે લાંબુ લચક 'મેનુ' હોય, નાની 'ડીશ'માં બધું ભેળસેળ થઇ જાય તેવી તેલ રસાવાળી વાનગીઓ ને હજારો આમંત્રિતો હોય પછી 'બુફે'માં બફાટ જ થાય કે બીજું?'

'એ વાત પણ સાચી તમારી અંકલ' અમે ટેકો આપ્યો.

'મારૂં તો માનવું છે કે દરેક લગ્નપ્રસંગ દેખાડો કર્યા વિના સાદાઇથી, બહુ બધા બીજા મહેમાનોને નોતર્યાં વિના, બંને પક્ષના પરિવારજનોની ઉપસ્થિતિમાં જ પતાવવા જોઇએ... એમનેય રાહત અને...'

'...આપણને ય ચાંલ્લા ખર્ચવામાંથી રાહત... ખરૂં ને લાલાકાકા?' અમે બોલ્યાં.

લાલાકાકાએ કહ્યું : 'યસ રાઇટ! પનુભાઇ'

'લગ્નની સીઝનમાં ભલભલાનું 'બજેટ' બગડી જતું હોય છે એટલે સાદગી ભર્યા લગ્નો જ યોગ્ય છે...'

'યસ અંકલ... પણ તકલીફ એક જ છે કે દરેક બાબતમાં આવું સરસ સત્ય આ મહાજ્ઞાન દરેકને પોતાને ત્યાં પ્રસંગ પતી ગયા પછી જ પ્રાપ્ત થતું હોય છે!!'

'હેં?'

'હા... હવે લાલાકાકા, આજે અમે તમારે ત્યાં છીએ તો ચા-બાનું તો પૂછો...'

'પનુભાઇ, બા ગામડે ગયાં છે ને ચાનું તો એવું છે કે આજે અમારા દૂધવાળાએ રજા પાડી છે એટલે ઉલ્ટાનું હું ને તમારા અંકલી - સોરી કાકીએ સવારની ચા માટે તમારે ત્યાં જ આવવું પડશે...' રેડ અંકલે એમનો અસલી રંગ બતાવ્યો...

'હેં?' એમની વાત સાંભળી અમે ચમક્યા.

'પનુભાઇ, હેં નહીં હા...' કહેતાં કાકાએ કાકીને બૂમ પાડી : 'હું પનુભાઇ સાથે જાઉં છું એમને ત્યાં ચા પીવા... તમેય ઝટ બારણે તાળું મારી આવી જાવ...'

હવે સવાર સવારમાં આવા ખોટનાં ધંધા માટે (રોજ એકલા કાકાને બદલે આજે કાકી પણ...) અમારે કોનો વાંક કાઢ્યો!!